સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

સલામી સવારની..

ચલિત છે તંત્ર શાસન વિહાર કરી રહ્યું છે!
ખાખી થી ભરી જેલો રાજય તિહાર થઇ ગયું છે!
બિહાર છે સંઘ, ખેલ્યો જુગાર, અસ્તિત્વનો -
પકડી પૂરી દે થાણામાં, બિહાર થઇ ગયું છે!
(ઘરઘાટી પર કટક)

હાઈકુ

દોરડાં ખેંચે
પહોંચશે કેમ'નો?
દિલ્હી, આ સંઘ!

છે અર્થહીન!
'આડ'વાણી આગળ -
ભાગવત્ કથા..

ચિંતન

જાતિર્યાનું રસાતલં ગુણગણૈસ્તસ્યાપ્યધો ગચ્છતુ શીલં શૈલતટાત્યપતત્વભિજનઃ સંદહ્યતાં વહિનના ।
શૌર્યે યેરિણિ વ્રજમાશુ નિપતત્વર્થો અસ્તુનઃ કેવલં યેનકેન વિના ગુણાસ્તૃણ લવ પ્રાયાઃ સમસ્યા ઇમે ॥

'જાતિના ગુણધર્મો રસાતળમાં જાય અર્થાત્ બ્રાહ્મણપણામાંથી પતન થઇ સંસ્કારહીન થઇ જાય રાજપુતી લોહી નિર્બળ - દુર્બળ ગરીબડો થઇ જાય, એટલે કે જાતિ સ્વભાવ ખાડે ગયા હોય છતાં પણ'-

બધા ગુણોમાંથી અધઃપતન થઇ માણસ સાવ દુરાચારી - ભ્રષ્ટ થઇ જાય, એની ખાનદાની નષ્ટ-ભ્રષ્ટ થઇ જાય - અગ્નિમાં ભસ્મીભૂત થઇ જાય છતાં પણ -

શૌર્યવાન વીર યોદ્ધો અચાનક હિંમત હારી જઇ સાવ ડરપોક બની જાય છતાં પણ -

જો માણસ પાસે પૈસો - ધન - સમૃદ્ધિ હોય તો તેના બધા દોષ ઢંકાઇ જાય છે અને તેને કોઇ અવગણી શકતું નથી.'

આશારામ જેવા અજબોપતિ સંત જાતિથી પતન થાય, દુરાચારી સાબિત થાય બધાં જ દુષ્કૃત્યો-દુષ્કર્મોનો અધિપતિ હોવા છતાં પૈસો હોવાથી સૌ કોઇનાં મોટાં બંધ કરી, સંત-બાપુ તરીકે પૂજાયા કરે છે.

સુવિચાર

- જે ખાનગી વાત શત્રુને કહેવામાં જોખમ હોય એ વાત કદી ખાસ મિત્રને પણ કહેવી નહીં - ચાણક્ય
- યૌવન ચાલી જાય છે, પ્રેમ ઓસરી જાય છે, મિત્રતા ખરી પડે છે. પણ માતાનો પ્રેમ સદા વધતો ને વધતો જ રહે છે - એસ. ભટ્ટાચાર્ય
- સાચા મિત્રનું લક્ષણ એ છે કે પાપ કરતા રોકે, શુભ કાર્યોમાં હાથ લગાવે, મિત્રની ગુપ્ત વાત કદાપિ જાહેર ન કરે, આપત્તિમાં સાથ ન છોડે અને વખત આવે આર્થિક મદદ પણ કરે - જ્ઞાનસૂત્ર
- જેમ દૂધમાં લીંબુનું એક ટીપું દૂધ બગાડી મૂકે છે તેમ એક નાનો દોષ બીજા ગુણોનો નાશ કરી શકે છે - અરબી કહેવત
- ઘણીવાર આપણે ખુદ દિલનો અવાજ, અંતરાત્માની પુકાર સાંભળવામાં સમજવામાં વાર લાગે છે તો પછી બીજાના મનના ભાવ આપણને સમજવામાં વરસો લાગે છે - ફાધર વાલેસ
- માણસ પુરૂષાર્થ કરે છે પણ તેનું ફળદાતા ભાગ્યના હસ્તક છે, જેમ સમુદ્ર મંથનમાં વિષ્ણુને લક્ષ્મી મળી તો શિવને ઝેર મળ્યું હતું - ભગવતીકુમાર શર્મા
- વિશ્વસાહિત્ય સંસ્કૃતિ સ્વીકારવા માટે મન મોકળા રાખીએ પણ આપણી માતૃભાષા કે દેશની સંસ્કૃતિ ને ન અવગણીયે... જેમ કે ડુંગરા પૂજીએ પણ ઉમરાને પૂજવાનું ન વિસરીયે - તેલુગુ કહેવત

બોધ કથા

આજે મા-બાપ, લગભગ તો પોતાનાં સંતાનને પોતાનો ધંધો સંભાળી લે એવી જ નાનપણથી ટોંક ટોકથી પ્રેરણા આપ્યા કરતા હોય છે. ડોકટર હોય તો સંતાન દવાખાનું સંભાળી લે - એવી પ્રેરણા...

વળી થોડાંક સમજુ વાલીઓ બાળકની રસ-રૂચિ જાણવાનો પ્રયત્ન કરે અને સામાજિક વ્યવહારની વાસ્તવિકતા સમજાવી 'આવક' માટે ચિંતિત રહે...

... પરંતુ સાચાં ચિંતિત વાલી કોને કહેવાય?

એક જાગૃત એવા પિતાએ પુત્રને પૂછ્યું - તમ શું ગમે? સાહિત્ય, કળાઓ, તત્ત્વજ્ઞાન, દેશપ્રેમ માટે લશ્કરી નોકરી કે આધ્યાત્મિક ક્ષેત્ર? તને સૌથી વધારે રસ-રૂચિ શેમાં છે?

પુત્ર અભ્યાસુ હતો, એણ જવાબ આપ્યો પિતાજી! મને તમે બોલ્યા એવા કોઇ જ વિષયમાં રસ નથી, પણ હું એવું જરૂર ઇચ્છું છું કે મારા જીવનમાં આવતી દ્વિધાઓમાં હું સારા-નરસાનો ભેદ સત્ય-અસત્યનો વિવેક પારખી નિશ્ચિત નિર્ણય લઇ શકું!

પિતાએ ખૂશ થઇને પુત્રની પીઠ થાબડી કહ્યું, હવે હું તારા ભાવિ માટે નિશ્ચિંત થઇ ગયો છે..

E-mail : sureshchandrabhatt18@gmail.com

શિક્ષણની સમગ્રતા લાવવા માટે ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વય આવશ્યક છે, એવી જ રીતે યંત્રશક્તિ અને માનવશક્તિનો વિવેકપૂર્ણ સમન્વય પણ અનિવાર્ય છે

શિક્ષણના ઉદ્દેશની પરિપૂર્તિ માતૃભાષા શિક્ષણ

- હર્ષદ પ્ર. શાહ

(૬) સંસ્કૃતિ

સંસ્કૃતિનું સત્ત્વ પોતાની ભાષામાં જ પ્રગટ થાય, બીજી ભાષામાં એ સત્ત્વ પ્રગટાવવાનું સામર્થ્ય જ નથી. તીર્થયાત્રા, વાસ્તુપૂજન, ગ્રહશાંતિ, મંગલપ્રવેશ, ધર્મ, દેશ, રાષ્ટ્ર, આત્મા, સ્વર્ગવાસ, કૈવલ્યધામ, માતૃભૂમિ, વાત્સલ્ય, પ્રેમ, સ્નેહ વગેરે શબ્દોનો આંતરિક ભાવ પ્રગટ કરવાનું સામર્થ્ય અન્ય ભાષાઓમાં છે? નમસ્તે કે જયશ્રીકૃષ્ણ જેવા શબ્દોમાં અભિવાદનનો જે ભાવ છે તે અંગ્રેજીના હાય, હેલ્લો, કે ગુડ મોર્નિંગ દ્વારા નિપજાવી શકાશે ખરો? ઇન્દ્રધનુષ્ય કે મેઘધનુષ્યમાં જે ધ્વનિટંકાર છે તે 'રોઇનબોં'માંથી ઉપજાવી શકાશે ખરો? ભીષ્મપ્રતિજ્ઞા, ભીમપરાક્રમ અને ભગીરથ પ્રયત્ન જેવા શબ્દસમૂહોમાં છુપાયેલું પ્રાચીન ગૌરવ અંગ્રેજી શબ્દોમાં આવિષ્કૃત થઇ શકશે? ભારતની માટીની મહેક તો માતૃભાષાથી જ મળશે. પરભાષાથી મળશે વિકૃતિ! અંગ્રેજી માધ્યમમાં ભણનારા વિદ્યાર્થીઓ વિઘ્નહર્તા ગણેશજીને **Elephant God** અને હનુમાનજીને **Monkey God** કહે છે, આપણા દેવી-દેવતાઓનો આવો ઉપહાસ આપણાથી સહી શકાશે?

આપણી ભાષા સાથે આપણી સંસ્કૃતિ, માન્યતાઓ, ભાવનાઓ અને લાગણીઓ જોડાયેલી છે. આપણાં જીવનમૂલ્યો અને આપણી જીવનશૈલી સાથે આપણી ભાષા અભિન્નપણે જોડાયેલી છે.

માતૃભાષાના કેટલાક શબ્દો એવા છે, જેનો અર્થ એ શબ્દો બોલવાથી જ સમજાય, એનો અન્ય કોઇ ભાષામાં અનુવાદ શક્ય જ નથી. ઉ.દા. દહેજ, કરિયાવર, આણું, ફેરીઆણું, ઝિયાણું, સમુર્તુ, છાબ, મામેરૂં, ફઇયારૂં વગેરે... આનું અંગ્રેજી શું કરશો? અંગ્રેજીમાં એની અભિવ્યક્તિ થઇ જ શકે... કારણ કે એ અહીંના રીતરિવાજ છે... અને અહીંના જનજીવન સાથે વણાઇ ગયાં છે.

અખંડ સૌભાગ્યવતી, કન્યાદાન, પાણિગ્રહણ, ગંગાસ્વરૂપ વગેરે શબ્દો શું અન્ય ભાષામાં સમજાવી શકાશે? કેટલાં બધા વાકયો બોલવાં પડશે ને કેવી કેવી સમજૂતી આપવી પડશે?

દુકાન વધારવી, દીવો રામ થયો, બંગડી નંદવાઇ... કહેતાં અહીંનો સામાન્ય માનવી એનું હાર્દ સમજશે. શું એનું અંગ્રેજી થઇ શકશે?

(૭) ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વિત વિકાસ

શિક્ષણ જગતના સૂત્રધારોએ એક સૂત્રને બરાબર સમજવાની જરૂર છે - શિક્ષણની સમગ્રતા અને સમગ્રતાનું શિક્ષણ.

આજકાલ સર્વાંગી શિક્ષણની વાતો તો બહુ થાય છે, પણ શિક્ષણ સર્વાંગીરૂપ ધારણ કરતું નથી. શિક્ષણ ખંડ ખંડમાં અપાય છે. શિક્ષણ જીવનલક્ષી નહીં પરીક્ષાલક્ષી બની ગયું છે. આ વાત એક ગુજરાતી ચિંતકના શબ્દોમાં -

નથી પરીક્ષાના ત્રણ કલાક એ જીવનની સીડી,
રાહ જોવાય છે રાહમાં અનેક અવસરની ઘડી,
શીદને હરી લે છે સહુનાં ઊંઘ ને સુખ-ચેન?
ખુદને વ્યક્ત કરવાની તક તો આપો થોડી!

શિક્ષણની સમગ્રતા લાવવા માટે ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વય આવશ્યક છે. એવી જ રીતે યંત્રશક્તિ અને માનવશક્તિનો વિવેકપૂર્ણ સમન્વય પણ અનિવાર્ય છે. પરદેશી ભાષામાં શિક્ષણ આપવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા ચતુર્વિધ પુરૂષાર્થ નહીં સમજાવી શકાય. એ પ્રક્રિયા તો ભારતીય ભાષામાં જ શક્ય છે, કારણ કે અંગ્રેજી ભાષા એની સંસ્કૃતિ લઈને આવશે. ભારતીય વિભાવનાઓ સમજાવવાના ન તો એની પાસે શબ્દો છે, ન ભાવ.

પશ્ચિમના દેશો ભોગ અને ભૌતિકતાના આરાધક છે. ભારત જેવી સમન્વયની શક્તિ એમની પાસે નથી. તેથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પૈકી માત્ર બે - અર્થ અને કામની જ આરાધના તેઓ કરે છે. એમની ભાષા, એમના ભાવ, એમનું શિક્ષણ સંપૂર્ણપણે ભૌતિકતા કેન્દ્રિત છે. એમની પાસે માનવશક્તિ ઓછી છે તેથી એમણે યંત્રશક્તિ - ટેકનોલોજીની મદદથી ગતિ અને ચોકસાઇ મેળવી. ભારતે પણ એમની ટેકનોલોજી તથા વિચારધારાનું આંધળું અનુકરણ કરવા માંડ્યું. એનું પરિણામ શું આવ્યું?

ટેકનોલોજીએ ઘણા વહેમો ઊભા કર્યા છે... કેટલાક આ રહ્યા -

- પ્રગતિ એટલે યાંત્રિકતા
- પ્રગતિ એટલે દોડાદોડ... સતત સમયની ખેંચ
- પ્રગતિ એટલે સુખ-સગવડ
- પ્રગતિ એટલે પશ્ચિમનું આધળું અનુકરણ
- પ્રગતિ એટલે વધારે પૈસા

અત્યારની પ્રગતિ એટલે 'શાશ્વત' નો નહીં, 'ક્ષણભંગુર'નો નાતો.

(૮) સ્વદેશી

સ્વદેશી એ માત્ર અર્થતંત્રનો વિષય નહીં, ભૌતિક પદાર્થોની વાતો નહીં, ઉપભોક્તાવાદની ચર્ચા નહીં...

સ્વદેશી એટલે - આત્મબોધ અને સ્વદેશાભિમાન
- સ્વદેશના આધ્યાત્મિક વારસા સાથે જોડાણ
- સ્વદેશની શોધખોળો માટે ગૌરવનો ભાવ
- આપણા શ્રેષ્ઠ પૂર્વજોનું અનુસરણ
- ગ્રામસ્વરાજ અને અર્થતંત્રનું વિકેન્દ્રીકરણ
- પોતાની નજીકમાં બનતી વસ્તુઓ વાપરવાનો આગ્રહ
- સ્વાવલંબનનો મહામંત્ર

પરંતુ એ અત્યંત દુઃખદ અનુભૂતિનો વિષય રહ્યો છે કે જેઓ બાળપણથી જ અંગ્રેજી માધ્યમમાં ભણતા હોય એમને આવી બધી સંવેદનાઓ સ્પર્શતી નથી. સ્વદેશીનો ભાવ જગાવવાનું કામ અને સ્વત્વની ચેતના પ્રદિપ્ત કરવાનું કામ કેવળ માતૃભાષા જ કરી શકે. અંગ્રેજી ભાષાના સતત સંપર્કને કારણે એમના હાવભાવ, એમની લઢણ, એમના લહેકા અને એમની વિચારધારાનો મેળ આ ધરતીના પુત્રો સાથે રહેતો નથી. એમની એક અલગ જ દુનિયા સર્જાય છે. તેઓ ગુરૂતાગ્રંથિમાં જ રાચે છે.

આ સંદર્ભે ઉદયન ઠક્કરની એક વેધક રચના સ્પર્શી જાય એવી છે -

● **ટ્યુકડી જા x ખ**

ગુમાઇ છે ગુમાઇ છે ગુમાઇ છે
કોન્વેન્ટ સ્કૂલના કમ્પાઉન્ડમાંથી,
સંચાલકો અને માતાપિતાની બેદરકારીને કારણે,
પલક મીંચવા - ઉઘાડવા વચ્ચેની કોઇક ક્ષણે...
ગુજરાતી વાંચતી - લખતી એક આખી પેઢી.
ઓળકવા માટેની નિશાની :
'કાનુડાએ કોની મટુકી ફોડી?' એમ પૂછો
તો કહેશે, "**Jeck & Jill** ની"
ગોતીને પાછા લાવનાર માટે ઇનામ કંઇ નથી,
કારણ કે એ હંમેશને માટે ગુમાઇ ચૂકી છે!

● **નિષ્કર્ષ**

અંગ્રેજી ભાષાના અત્યધિક પ્રભાવ અને પરિણામે વ્યાવહારિક જીવનમાં અંગ્રેજીયતનો પ્રવેશ - આવી વિકૃતિ અત્યારે સર્જાઇ છે. મેકોલેપ્રેરિત શિક્ષણ પદ્ધતિનું આજનું શિક્ષણ વીરતા, બલિદાન, ત્યાગ, દેશપ્રેમ, સાદાઇ, સંયમ તથા પરિશ્રમના પાઠ ભણાવતું નથી. શીખવે છે તો માત્ર ને માત્ર સ્વકેન્દ્રિતા! આપણે ભારતને **INDIA** માં પરિવર્તિત કરી દીધું. **INDIAN TIME** બોલી - બોલીને આપણે જ આપણો ઉપહાસ કરવાનું સ્વીકારી લીધું. આપણી ભારતની સારી અને ખરાબ બધી બાબતો માટે આપણે જ જવાબદાર છીએ. એનાથી ભાગી શકીએ નહીં.

શિક્ષણ વરદાન જ બનવું જોઇએ, અભિશાપ નહીં.
શિક્ષણ સુમન છે, સુરભિપ્રદાતા જ બનવું જોઇએ.

જગતમાં જે કંઇ અશુભ - અશોભનીય છે, તેમનો વિનાશ કરનારૂં જ શિક્ષણ હોય છે એ અપેક્ષિત છે. કેટલાક વિચારણીય પ્રશ્નો -

શિક્ષણનું લક્ષ્ય વ્યક્તિ કે રાષ્ટ્ર?
શિક્ષણનું ઉપકરણ ભૌતિક કે આધિભૌતિક?
શિક્ષણનો માપદંડ પરીક્ષા કે આદર્શ જીવનશૈલી?
શિક્ષણની ઉપલબ્ધિ માનવ કે દાનવ?
શિક્ષણનું સાધ્ય સંસ્કૃતિ કે વિકૃતિ?

(અનુસંધાન પાના નં. ૬ પર)

સ્કુબા ડાઈવિંગથી લગભગ સૌ પરિચિત હતા, એક ખાસ જાતના પોશાક સાથે દરિયાના તળીયે રહેલી અનોખી સૃષ્ટિને જોવી એ એક લ્હાવો હતો

સવારના રહા નાસ્તા વખતે વાત થઇ કે આજે સ્કુબા ડાયવિંગ માટે જવાનું છે. તે વાતથી અમારી સાથેનાં બાળકો અને યુવાનો વધુ ઉત્સાહિત હતાં. દરિયાઇ સૃષ્ટિનો નજારો જોવાનું આકર્ષણ તેમને ઉત્તેજીત કરતું હતું. સૌ ઝટપટ તૈયાર થઇ બહાર આવી ગયાં હતા. સૌ કોઇની ચર્ચાનું કેન્દ્ર સ્કુલા હતું.

ઘણી હિન્ટી ફિલ્મો અને ઇન્ટરનેટના માધ્યમથી સ્કુબા ડાઇવિંગથી લગભગ સૌ પરિચિત હતા. એક ખાસ જાતના પોશાક સાથે દરિયાના તળીયે રહેલી અનોખી સૃષ્ટિને જોવી એ એક લ્હાવો હતો.

ઘણાને રોમાંચ એ હતો કે જયારે અંદર જઇશું ત્યારે કેવું લાગશે? કોરલ્સ અને રંગ બેરંગી માછલીઓની દુનિયાને નજીકથી જોવાનો આ અવસર કોઇ ચુકવ માગતું ન હતું.

હોટલથી અમે દરિયા કિનારે જેટ્ટી પર આવ્યાં ત્યારે અગાઉ જેવી જ મોટી ફેરીની બોટ ત્યાં હાજર હતી. ઉપેન્દ્રભાઇ સિદ્ધપુરાએ તેમાં બેસવા માટે સૌને કહ્યું. અહીં પ્રથમ દિવસથી જ અમારો સાથી કમ ગાઇડ બનેલ શક્તિ પણ હાજર હતો. તે સ્મિત સાથે સૌનું સ્વાગત કરતો હતો.

આકાશ વાદળોથી ઘેરાયેલું હતું. દૂર દૂર કાળાં ડિબાંગ વાદળો દેખાતાં થોડીવારમાં વરસાદ થશે તેમ લાગતું હતું. દરિયાઇ પવન વાતો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સારૂં એવું લાગતું હતું. બોટમાં સૌ ગોઠવાયાં એટલે બોટ અમારા ગંતવ્ય તરફ ચાલી. બોટમાંથી સૌ પોર્ટ બ્લેરના કિનારાનાં મનમોહક દશ્યો જોતાં અને પોતાના કેમેરામાં કેદ કરતાં હતા. તેમાં હેડો જેટ્ટી, પાનીઘાટ, જંગલી ઘાટ જેટ્ટી અને માઉન્ટ હેરિયેટને દૂરથી જાતાં ચાથમ અને રોસ દ્વીપ પણ સામે દેખાતા હતા ત્યાં દરિયાની વચ્ચે સપાટી બોટ ઉભી રહી ગઇ. શક્તિની સાથે એક બીજો માણસ આવેલો તેનો શક્તિએ સૌને પરિચય કરાવ્યો. એ બબન હતો. તે અને તેના સાથીઓ સ્કુબા ડાઇવિંગમાં માહિર છે એ વાત અમને જાણવા મળી.

બબને પ્રવાસીઓને માહિતી આપવા માંડી તેણે થોડો આંદામાન - નિકોબારનો ઇતિહાસ કહ્યો. પછી સ્કુબા અંગે વિગતવાર સમજ આપી અને તેના માટેનાં પહેરવેશ અને સાધનો બતાવ્યાં. જેને સ્કુવા માટે જવું હોય અને દરિયાઇ સૃષ્ટિનો પ્રત્યક્ષ અનુભવ કરવો હોય તેને નામો લખાવવા જણાવ્યું. તે માટોને ચાર્જ રૂા. ૫૦૦/- હતો. તે ઉપરાંત કોરલ રીફ જોવા માટે ગ્લાસ ફાઇબર બોટની પણ વ્યવસ્થાની વાત કરી તેમાં વ્યક્તિ દીઠ રૂા. ૩૦૦/- ચાર્જ હતો.

યુવાનો, યુવતીઓ અને બાળકો તો સ્કુબા માટે ઘેલાં થયેલાં હતા. તેથી તે માટે નામો લખાવવાની પડાપડી થવા લાગી. ત્યારે અમારી સાથેનાં પત્રકાર મિત્ર માર્ટિન પરેશને થોડી શંકા થતાં તેણે સ્કુબા માટે લઇ જનારને થોડી પુછપરછ કરી જેનાથી જાણવા મળ્યું કે એકસપર્ટ તરવૈયા સાથે જનારને કદાચ આ ન ફાવે અને પાણીમાં શ્વાસ લેવામાં તકલીફ પડે તેના કારણે જોઇ ન શકે તો? તો પૈસા પાછા આપવાની તૈયારીએ લોકોએ બનાવી તેથી ઘણાં આદેડ ઉંમરનાં પ્રવાસીઓએ પણ આ સ્કુલાબની મજા લેવા તૈયાર થયાં. બાકીનાં ગ્લાસ બાઇબરની બોટમાં બેસી દરિયાઇ સૃષ્ટિને નિહાળવા તત્પર બન્યાં. નૉંધણી થઇ ગઇ અને દરમિયાન અમારી બોટની પાસે ત્રણ નાની નાની હોડીઓ આવીને ઉભી રહી. હવે જે લોકોને જોવા જવાનું હતું. તેમને વારાફરતી હોડીમાં બેસીને સામે દેખાતા ટાપુ પર જવાનું હતું. અને ત્યાંથી પછી સ્કુબા અને ફાઇબર બોટ દ્વારા કોરલ રીફની મજા માણવાની હતી.

રેડ સ્કીન, જોલી બોય અને સિંક કોરલ રીફ એ ત્રણે કોરલ રીફની સુંદરતા માટે જાણીતા છે. આ દ્વીપોના પાણીમાં વિભિન્ન પ્રકારના સેંકડો રંગોના પૂર્ણકદના કોરલ્સ પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષે છે.

ગ્લાસ ફાઇબર બોટમાં કોરલ બતાવે છે તેમાં જાત જાતના રંગબેરંગી માછલીઓ ને કોરલ્સની વચ્ચે તરતી જોવાની મજા જ અનેરી છે. તેમાં બહુ જ મજા આવે છે. ફાયબર બોટ તે માટે દરિયામાં ચક્કર લગાવતી રહે છે. વૈવિધ્ય પૂર્ણ રંગોના કોરલ્સ જોવાની એવી મજા આવે છે કે એમ થાય કે બસ જોયા જ કરીએ જોયા જ કરીએ. આ કોરલ્સને બનતાં હજારો વર્ષ લાગ્યાં છે. આવા પ્રાકૃતિક વનસપંદાનું ખરેખર જનત થવું જોઇએ. કોરલને ગુજરાતીમાં પરવાળા કહેવામાં આવે છે. પરવાળાના જીવ દરિયાના પાણીમાંથી કેલ્શિયમ કાઢીને પોતાની આસપાસ એક કવચ તૈયાર કરે છે. અને આવી રીતે પરવાળાની વસાહત તૈયાર થાય છે. તેમાં વિવિધ પ્રકારના અસંખ્ય જીવો વસે છે. પરવાળાની વસાહતમાં તેની ૪૦ થી વધુ જાતિ જોવા મળે છે. પરવાળાની વસાહતમાં આ સિવાય સ્પોજ કે વાદળી, દરિયાઇ શેવાળ, જેલી ફિશ, ઝીંગા અને કે ફિશ, શંખની અસંખ્ય જાતિ, સી અર્ચીન, સી ડોલર, સી એનીમોન, સી સ્કવીક, સી-હેર, સી કકુંબર (સમુદ્રી કાકડી) વગેરે અચરજ પમાડતા દરિયાઇ જીવો જોવા મળે છે. તે ઉપરાંત સમુદ્રી ઘોડો (સી હોર્સ) પાઇપ ફિશ, સી લીબી, પફર ફિશ, બટરફલાય ફિશ અને સ્કોર્પીઅન ફિશ પણ પરવાળામાં આવી ચડે છે. પરવાળાની વસાહત કે પરવાળા એ જમીન તૈયાર કરતાં પ્રાણીઓ છે. વળી દરિયાનાં ઊંડા ભાગોમાં શાર્ક માછલીઓ પણ જોવા મળે છે. પરવાળાએ જીવતા જળકૃત પ્રાણી છે. જેની કાર્બનિક પેશીઓની અંદર કેલ્શિયમ કાર્બોનેટનું માળખું રચાય છે તે પોષક દ્રવ્યો ઉત્પન્ન કરે છે. આ બધી માહિતી મેળવતાં મેળવતાં અમે પરવાળાનાં પોલીય વિવિધ રંગો ધરાવે છે તે પ્રત્યક્ષ જોયું તે ભૂખરાં, જાંબલી, પીળા, લીલા, ગુલાબી, કેસરી, લાલ, વાદળી કાળા વગેરે રંગોના હોય છે. તેના વિવિધ આકારો ને કારણે તે નયનરમ્ય લાગે છે. જેમ કે મોટા મગજની ગડી, તારક, સ્તંભ, કેકટસ (થોર) ડોમ, ગીલનેટ નીલી, વૃક્ષ જેવો આકાર, વૃક્ષના પાનવાળી ડાળી જેવો, વૃક્ષની શાખાઓ જેવો, પોલો રકાબી જેવો કપ જેવો, મશરૂમ જેવો વગેરે પ્રકારના આકારો ધરાવે છે. પરવાળાના ખડકોમાં ઘારો, બખોલો, પોલાણ અને બોલ્ડર્સ જોવા મળે છે. ખોરાકમાં પરવાળા માંસાહારી હોય છે. તે દરિયાના પાણીમાં આવે પ્લવક જંતુઓનું ભોજન કરે છે. પરવાળા વૃદ્ધિમાં મુળ ધીમા હોય છે. તેમાં જાતીય અને સજાતીય પ્રજનન જોવા મળે છે. અહીં મૃત પરવાળા ઉપર નવા પરવાળાનું સ્થાપન કઇ રીતે થાય છે તે પણ જોવા મળ્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

જાણીતા કેળવણીકાર મનસુખ સલ્લાના તંત્રીપદે પ્રગટ થતું સામયિક કેળવણી વિમર્શ સર્વ દિશાએથી શુભ વિચારો પ્રાપ્ત કરવાની ઝંખના ધરાવતું સામયિક છે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદક : નટવર હેડાઉ

સાભાર સ્વીકાર સેતુ

● **ભાવિક પરિષદ (માસિક)**

દર માસની દશમી તારીકે નિયમિત રીતે પ્રજા પ્રગટ થયું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કૃતિને વરેલું સામયિક ભાવિક પરિષદ વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષણ સાથે સંકળાયેલા શિક્ષકો, શાળા સંચાલકો અને લેખકો માટે ખુબ જ ઉપયોગી, માહિતીપ્રદ પ્રકાશન છે. તેના તંત્રી ગોવિંદભાઇ પટેલ અને સહસંચાલક જાણીતા બાળવાર્તાકાર નટવર પટેલ છે. આ સામયિકમાં વાર્તાઓ, લેખો, કાવ્યો, પ્રશ્ન ગમ્મ, અવનવું જેવા વિભાગોમાં સુંદર સામગ્રી પ્રગટ કરવામાં આવે છે. ભાવિક પરિષદનો નવેમ્બર ૨૦૧૩ અંક 'બાળ - વિશેષાંક' રૂપે પ્રગટ થશે. આ અંક માટે બાળકોને મજા પડે તેવી કૃતિઓ જેવી કે બાળવાર્તા, બાળકાવ્યો, બાળનાટક, જાણવા જેવું, ગણિત ગમ્મત, ઉખાણાં, જોડકણાં, જોક્સ વિગેરે તા. ૨૦મી ઓકટોબરે ૨૦૧૩ પહેલાં નીચેનાં સરનામે મોકલવા જણાવાયું છે. તંત્રી શ્રી ભાવિક પરિષદ, ૩, અંકિત એપાર્ટમેન્ટ, સ્વામિનારાયણ મંદિર સામે,ઘાટલોડિયા, અમદાવાદ-૬૧

● **કેળવણી વિમર્શ -**

જાણીતા કેળવણીકાર મનસુખ સલ્લાના તંત્રીપદે પ્રગટ થતું સામયિક કેળવણી વિમર્શ સર્વ દિશાએથી શુભ વિચારો પ્રાપ્ત કરવાની ઝંખના ધરાવતું સામયિક છે. તેના સંપાદકો દિપુબા દેવડા અને ઉષાબહેન વિરમગામી છે. જયારે પરામર્શકો તરીકે રઘુવીર ચૌધરી, રતિલાલ બોરીસાગર, ગુલાબભાઇ જાની સેવાઓ આપે છે. તેના જુલાઇ-ઓગસ્ટનાં સંયુક્ત અંકમાં મનસુખ સલ્લા ઉપરાંત વિમલા ઠાકર, કેદારનાથ, મોરારિબાપુ, શ્રી માતાજી, જે.કૃષ્ણમૂર્તિ, વિનોદભટ્ટ, મીનલબેન દવે અને ચંદ્રકાન્ત વ્યાસ જેવા માતબર લેખકોના ચિંતન, વિશ્લેષણ, જ્ઞાનસભર, શિક્ષણ, વિદ્યાર્થી ચેતના અને માબાપને કેળવણી અને શિક્ષણ આપતા લેખો મળે છે. આવાં સમાજોપયોગી સુંદર સામયિક પ્રગટ કરવા બદલ અભિનંદન!

● **છાલક**

ગુજરાતી સાહિત્યનું ત્રિમાસીક 'છાલક' તંત્રી ગણપતભાઇ ઉપાધ્યાય અને સંપાદક જગદીપ ઉપાધ્યાય દ્વારા શ્રી શારદાબિકેતન એજ્યુકેશન ટ્રસ્ટ અમરેલી દ્વારા પ્રગટ કરવામાં આવે છે. જેની કલા સજાવટ ભરત ઉપાધ્યાય કરે છે, જે કાબિલે તારીફ છે. તેના જૂલાઇ અંકમાં જાણીતા ચિત્રકાર રસિકલાલ પરીખનાં ચિત્રો મુકવામાં આવ્યાં છે. તે ઉપરાંત ૧૨ જેટલી ગઝલો, સર્જન પરિચય, કવિ વિશેષ, કાવ્ય આસ્વાદ, ૪ ગીતો, ૪ સોનેટ, ૩ અછાંદસ, ગુજરાતી કવિતાઓ અંગ્રેજીમાં અનુવાદ, લઘુકાવ્યો તાન્કા અને હાઇકુ, ક્લાકસબીનો પરિચય, ૮ વાર્તાઓ, લઘુકથા, ગુજરાતી પ્રયોગશીલ વાર્તા, શ્રેષ્ઠ ભારતીય વાર્તા, જગતની શ્રેષ્ઠ લઘુકથાઓ જેવી સામગ્રી આપવામાં આવેલ છે. આ ત્રિમાસિકમાં આવ ખતે ડો. કેશુભાઇ દેસાઇ, પ્રવિણ ગઢવી, રાઘવજી માધડની કૃતિઓ પ્રગટ થઇ છે. ગાંધીનગરના એ સર્જકોને અભિનંદન.

● **પ્રિયજન**

દરમાસની ૨૭મી તારીખે પ્રગટ થતું પ્રિયજન ગુજરાતી સાહિત્યનાં પ્રચાર અને પ્રસાર માટેનું સાહિત્યિક સામયિક છે. તે જશોદાબેન પરમારની તંત્રી પદે પ્રગટ થાય છે. આ સામયિકમાં કાવ્યો, લેખો, લઘુકથાઓ, સર્જન સંગ, દૃષ્ટાંત જેવા વિભાગોમાં માતબર કહી શકાય તેવી કૃતિઓ રજુ થાય છે. તેમાં કૃતિઓ મોકલવા માટે તંત્રીશ્રી, એ-૨૫, કેશવ કુંજ સોસાયટી, એ.એમ.ટી.એસ. બસ સ્ટોપ સામે ચાંદખેડા, અમદાવાદના સરનામે મોકલી શકાશે.

● **કણ કણમાં કણબી**

દસ માસની ૧૫મી તારીખે પ્રગટ થતું આ સામયિકના તંત્રી હિતેશ્વરીબેન પટેલ છે. ભારત વર્ષમાં વસતા તમામ કણબી પાટીદારોનું આ સામયિક છે. તેમાં લેખો, પદ્ય પર્વ, બાળ વિભાગ, રસોઇ જેવા સ્તંભોમાં કૃતિઓ પ્રગટ કરવામાં આવે છે. આ સામયિકનો ઉદ્દેશ કણબી પાટીદારોને પોતાના જીવનથી પરિચિત કરાવવાનો હોઇ કણબી પાટીદારોને પોતાની જીવનથી પરિચિત કરાવવાનો હોઇ પાટીદારોની અટકો, પેટા અટકો, ગોત્ર, પ્રવર, સામા કુળની ઉત્પત્તિ, કુળના દેવી દેવતા, શુરાપુરા, શૂર ધન, સતી માતાઓ કુટુંબના નિવેદ જેવી અનેક મુલ્યવાન માહિતીઓ ઉપરાંત શૈક્ષણિક, સામાજિક અને ખેતી વિષયક તેમજ જીવનલ લક્ષી લેખો પણ આપવામાં આવે છે.

● **બ્રહ્મર્ષિ**

બ્રહ્મ બંધુત્વની ભાવનાને વાચા આપતું પાક્ષિક બ્રહ્મર્ષિ ગાંધીનગરથી ૧૨ માસની ૧લી અને ૧૫મી તારીખે પ્રસિદ્ધ થવા લાગ્યું છે. તેના તંત્રી રાજેન્દ્ર ડી. રાજગોર છે. આ સામયિકમાં બ્રહ્મ સમાજને લગતા સમાચારો, લેખો અને પ્રવૃત્તિઓની વિગતો રજુ કરવામા આવે છે.

આ વખતના તા. ૧-૯-૨૦૧૩નાં અંકમાં ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજનું બંધારણ, સામાન્ય સભા અંગેની વિગત, ગઢવાડા, દાતોર નવસારી બ્રહ્મ સમાજની પ્રવૃત્તિઓ, ગાંધીનગરના કનૈયાલાલ મહારાજનો પરિચય, શિવ તાંડવસ્ત્રોત ગુજરાતીમાં, વડોદરા બ્રહ્મ સમાજના શ્રાવણી મહોત્સવ અને ખેરાલુ તેમજ પાલનપુર બ્રહ્મસમાજના સમાચારો જોઇ શકાય છે. તે ઉપરાંત સમસ્ત બ્રહ્મસમાજ શ્રીગણેશ મહોત્સવ સમિતિનાં કાર્યક્રમો પણ આપવામાં આવ